

## સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ઉડતા'તા આભમાં એ છીછરા પાણીમાં ડૂબી ગયા !*
*તરતા'તા મોજમાં એ સટ્ટાના હોજમાં ડૂબી ગયા !*
*ડૂબી ગયા ગભરાઈ - ગૂંગળાઈ શ્વાસ લીધા વગર -*
*ને મહેનતના તો કોઈના બેનંબરી, ડૂબી ગયા!*

હાઈકુ

*પ્રગટી હોળી,*
*લ્યો ! સટ્ટાબજારમાં -*
*ને આવ્યો શેક!*

*ભરાયા ખેલી*
*સાંઢના શિંગડાં માં -*
*ભાંગ્યાં હાડકાં !*

### ચિંતન

**ઈર્ષ્યી ઘૃણી ત્વસંતુષ્ટ: ક્રોધનો નિત્યશંક્તિ: ।**
**પર ભાગ્યોપજીવી ચ, ષડેષે દુ:ખ ભાગિન: ।।**

ઉપરોક્ત શ્લોક ધર્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ઈર્ષા, ઘૃણા, અસંતોષ, ક્રોધ, સદૈવ સર્વત્ર શંકા, તથા પારકાના આશ્રયે જીવન : આ છ સ્થિતિમાં રહેનાર માણસ હંમેશા દુ:ખમાં જ રહે છે - અશાંતિ ભોગવે છે.

અહીં છ દુર્ગુણોની વાત કરવામાં આવી છે

- જે ઈર્ષાખોર છે એની નજર હંમેશા પોતાની આસપાસના સુખી લોકોની ઈર્ષા પર જ હોય છે, જેથી પોતાની પાસે છે તે જોઈ નથી શકતા અને દાઝ્યા કરે છે - દુ:ખી રહે છે.
- અસંતોષી કદી તુપ્ત થતા નથી અને 'ન હોવાનું'વલણ એને દુ:ખ આપે છે. પોતાની પાસે છે તેનું સુખ અનુભવી નથી શકતા.
- ક્રોધી તો સતત તાપમાં રિબાય જ છે. ક્રોધને કારણે શારીરિક-માનસિક સમતુલા ગુમાવે છે.
- સદૈવ સર્વત્ર શંકા કરનારા સુખની ક્ષણ ભોગવી શકતા નથી અને શંકામાં સબડી દુ:ખી થાય છે.
- ઘૃણા-કોઈનો પણ તિરસ્કાર ન કરવો નાના-મોટા સર્વ પ્રત્યે સમાન ભાવ અને સન્માન રાખવું.
- પરાધીન રહેવું - બીજાના આશ્રયે રહેવું એ પણ મોટામાં મોટું દુ:ખ છે.

### સુવિચાર

- જિંદગી કા કોઈ રિમોટ કંટ્રોલ નહીં હે, ઉઠકર ખુદ બદલો, હાલાત બદલતે નહીં, બદલને પડતે હૈ - **શિશિર દ્વિવેદી**
- જે દિવસે આપણે આપણી જિંદગીનું એક લક્ષ્ય ધારી લીધું તે દિવસ આપણી જિંદગીનો એક તહેવાર છે, બાકીના દિવસો તો કેલેન્ડરની તારીખો જ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- સમય કયાં પસાર થઈ ગયો એવું જેને થાય તેને સમજી લેવું કે એ સમય તેનો ઉત્તમ સમય હતો - **ભીખુદાન ગઢવી**
- બીજાને આનંદિત જોઈ ખુશ થવું એ નિરોગી મનનું લક્ષણ છે - **જીવનપાથેય**
- માથુ નમે તો આશીર્વાદ મળે, પણ સાથે જો મન નમે તો જ આશીર્વાદ ફળે - **મોરારિ બાપુ**
- કોઈ પણ સમસ્યાનું સમાધાન એ વાત ઉપર નિર્ભર કરે છે કે સલાહકારણ કોણ છે, કારણ કે દુર્યોધન શકુનિ પાસેથી સલાહ લેતો અને અર્જુન ભગવાન શ્રીકૃષ્ણ પાસેથી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : પચાસ ગ્રામ ચમેલીના તેલમાં બે ચમચા લીંબુનો રસ તથા જરાક હીંગ અને કપૂર મેળવી માલીશ કરવાથી ખંજવાળ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

યોગાનંદ ખેડૂત હતો. ૧૮૩૧ના સમયમાં જયારે ખેડૂત જમીન મહેસૂલ ન ભરી શકે ત્યારે તેને જેલમાં જવું પડતું. યોગાનંદને પણ જેલ થઈ. યોગાનંદનો એક નિયમ હતો કે પોતાના જન્મદિવસે એ એની પત્ની એક થાળીમાં સાથે જમતા અને એકમેકને જમાડતા. જન્મદિવસ નજીક આવ્યો. માતાની ઉદાસી જોઈ પુત્ર રંગાનંદ સમજી ગયો. રંગાનંદે રાજા પાસે જઈ પિતા યોગાનંદ ને છોડવા આજીજી કરી. રાજાએ કર ભરવા ઉપર ભાર મૂક્યો. રંગાનંદે કહ્યું, 'બાકી રહેલી સજા માટે હું મારા પિતાના સ્થાન પર જેલમાં જવા તૈયાર છું પણ મારા પિતાને મુક્ત કરો.' રાજાએ રંગાનંગ પાસેથી કારણ જાણવાનો પ્રયત્ન કર્યો. માતાપિતાની ખશી માટે પુત્ર જે ભોગ આપવા ઈચ્છતો હતો. તે જાણી રાજા રાજી થયો. રાજાએ મહેસૂલની રકમ માફ કરી અને રંગાનંદના પિતાને મુક્ત કરવાનો હુકમ કર્યો. પિતાના જન્મદિવસે માતા-પિતા-પુત્ર ત્રણેય સાથે જમ્યા. આ રંગાનંદ પાછળથી વિદ્વાન રંગાનંદ શાસ્ત્રી થયા. જે પંદર ભાષા વાંચી-બોલી-લખી શકતા હતા.

# મધ્યપ્રદેશમાં રાજકીય દાવપેચની પરાકાષ્ઠા

ગ્વાલિયર નરેશની રાજાશાહી યુગની ઝાકઝમાળ તો અંગ્રેજ સાસન દરમિયાન જ ઝંખવાઈ ગઈ હતી અને આઝાદી પછી એના પર છેલ્લો હથોડો ઈંદિરા ગાંધીના શાસનકાળમાં પડ્યો હતો જયારે કલમના એક જ ઝાટકે રાજાઓના સાલિયાણાં બંધ કરી દીધા હતા. તેમ છતાં પરંપરાની રૂએ આજે પણ જયોતિરાદિત્ય સિંધિયા એમના પ્રદેશ પૂરતા તો મહારાજા જ ગણાય છે. એમના પ્રતાપી પિતા સ્વ. માધવરાવ સિંધિયાની જેમ એમને પણ બધા 'સિંધિયાજી' ને બદલે 'મહારાજ' કહીને સંબોધે છે. કેસરિયો ખેસ પહેરી બારોબાર રાજયસભાની બેઠક અને મોદી મંત્રીમંડળમાં જગ્યા સુનિશ્ચિત કરી લેનાર ૪૯ વર્ષના આ આકર્ષક પ્રતિભા ધરવતા રાજનેતાને ભાજપમાં આવકારતાં પૂર્વ અને સંભવિત મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે એ જ હુલામણું સંબોધન વાપર્યુ છે. હવે જયોતિરાદિત્ય સિંધિયાની નવી રાજકીય ઈનિંગ્સ શરૂ થશે. ગ્વાલિયર સ્ટેટના રાજવંશી હોવાને કારણે એમને બધું બારોબાર મળી ગયું છે. સામાન્ય કાર્યકર કેટલાં વરસ ઝઝૂમે, લોહીનું પાણી કરે, નેતાઓની આસપાસ ફેરફુદરડી ફરતો રહે અને કેટકેટલા પ્રતિસ્પર્ધીઓ સામે ઝીંખ ઝીલે ત્યારે માંડ વિધાનસભાની ટિકિટ મેળવી શકતો હોય છે. મહારાજને એવી કોઈ કસરત નથી કરવી પડી. ઊલટાની જે પાર્ટીને છેક હમણાં સુધી - દિલ્હીની વિધાનસભાની ચૂંટણી સુધી ભરપૂર ભાંડતા રહ્યા હતા એ જ પાર્ટીના બે સર્વોચ્ચ ગુજરાતી નેતાઓને એમના માટે લાલ જાજમ પાથરી છે. કેસરિયા વાઘા પહેરીને હવે સિંધિયા કુળના રાજવંશી સીધા જ કેન્દ્રીય મંત્રી બની જવાના છે. પછી જયારે મધ્યપ્રદેશમાં મામાના હુલામણા નામે ઓળખાતા શિવરાજસિંહ ચૌહાણ સાથે જૂના વેરની પતાવટ કરવી હશે ત્યારે પણ બારોબાર 'મહારાજ' વાળું મહોરું જ મોદી-શાહને ખપ લાગશે. માધવરાવ સિંધિયાની મહત્ત્વાકાંક્ષા અધવચાળે કમોતે આવેલા યમરાજના તેડાને લીધે અધૂરી રહી ગઈ હતી. એમને મૂળે તો વડાપ્રધાન જ બનવું હતું. જયોતિરાદિત્યને રાહુલ ગાંધીના છૂપા પ્રતિસ્પર્ધી ગણીને ચતુર સોનિયા મૈયાએ વેંત છેટો વહેવાર શરૂ કરી લીધો હતો. એટલે એમને 'કટ ટુ સાઈઝ' - કદ મુજબ વેપરી નાખવાની કૂટનીતિ તો કયારનીય શરૂ થઈ ગઈ હતી. ગુનાની લોકસભાની બેઠક પર એ કોંગ્રેસીઓની જ મેલી મુરાદને કારણે હાર્યા હતા. વળી ઉત્તરપ્રદેશની લોકસભાની બેઠકોની જવાબદારી વહેંચવાનો વખત આવ્યો ત્યારે જયાં ભાજપની મજબૂત પકડ હતી એવી પશ્ચિમ ઉત્તરપ્રદેશની બેઠકોની જવાબદારી 'મહારાજ'ને સોંપાઈ અને પૂર્વ ઉત્તરપ્રદેશની કે જયાં પ્રમાણમાં કોંગ્રેસ થોડો સારો દેખાવ કરી શકે એમ હતી તેનાં ઈન્ચાર્જ પ્રિયંકા ગાંધીને બનાવાયાં ત્યારે જ સિંધિયાસપૂતને સમજાઈ ગયું હતું કે પોતાની કારકિર્દી સામે સોનિયા-રાહુલ-પ્રિયંકાની ત્રિપુટી રમત રમી રહી છે. અસંતોષની પરાકાષ્ઠાએ પહોંચ્યા છતાં ગાંધી-પરિવારે એમની ખોજખબર ન લીધી તે સૂચક હતું. પરંતુ અપમાનિત થઈને મોદી-શાહનું શરણું સ્વીકારી લેનાર અને વીસ જ મિનિટમાં કોંગ્રેસમાંથી હકાલપટ્ટી પામેલ 'મહારાજ'ને જયારે પણ પાછા ફરવું હોય ત્યારે એમના માટે ગાંધી-પરિવારના જાગીર જેવી કોંગ્રેસનું ઘર એમને આવકારવા તૈયાર છે એમ મતલબનું રાહુલ ગાંધીનું નિવેદન દાઝ્યા પર ડામ જેવું નથી શું ? એવો જ ડામ દિગ્વિજયસિંહે તો પહેલાં જ દઈ દીધો હતો : 'મોદી અને શાહ સાથે મહારાજ સુખી રહો' એવો કટાક્ષ કરીને.

**તંત્રીસ્થાનેથી...**

# લક્ષ્મણાનું અપહરણ - પ્રેમ અને પરાક્રમની કથા

**અમર વારસો**
**ડૉ. રશ્મિકાન્ત મહેતા**



પ્રેદાનંદા ઈ.સ. (૧૬૩૬ થી ૧૭૩૪) રસસિદ્ધ કવિ હતા. ભરત કવિ હતા; લોકપ્રિય આખ્યાતનકાર હતા.

એમની કુલ ૫૭ સાહિત્યિક રચનાઓ છે, એમાં પ્રારંભનું કાવ્યે ઈ.સ. ૧૬૬૪માં રચાયેલું છે. લક્ષ્મણાહરણ છે.

ભાગવતના દશમાં સ્કંધનો આધારે કવિએ આ રચના કરી છે. પ્રેમાનંદ પોતાનો સંકલ્પ જાહેર કરે છે.

(માટે અઢી ઘડીની ઘડાઈ જાય એવું કાવવ્ય એક દિવસમાં રચવું છે)

લક્ષ્મણા દુર્યોધન અને ભાનુમતીની સુંદર અને સુશીલ રાજકન્યા હતી. દુર્યોધન એના સ્વયંવરનું આયોજન કર્યું. લક્ષ્મણા પાસે સામ્બની કીર્તિ પહોંચી હતી. સામ્બ શ્રીકૃષ્ણ અને જાબુવંતીનો પુત્ર હતો. એ જ રીતે સામ્બની પાસે પણ લક્ષ્મણાની પ્રશંસા પહોંચી હતી.

દુર્યોધને સ્વયંવરમાં પધારવા રાજકુમારોને નિમંત્રણ મોકલ્યા. એક બ્રાહ્મણને કંકોત્રીઓ આપીને રવાના કર્યો પરંતુ બ્રાહ્મણને ગુપ્ત આદેશ આપ્યો; 'તારે દ્વારકા જવાનું, પરંતુ સ્વયંવરને બીજે દિવસે કંકોત્રી મળે, એ રીતે જવાનું.' એણે વિચાર્યું -

જાદવ નીચ કુળ છે તે સારું રે,
કન્યા આપવા મન નહિ મારું રે,
જાદવ કામ તણો અવતાર રે, રૂપ
જોઈ નાંખે કદિ વરમાળ રે.

(જાદવનું કુળ નીચું છે, તેથી એને કન્યા આપવાનું મન નથી. સામ્બ કામદેવનો અવતાર છે, એનું રુપ જોઈને કન્યા વરમાળા કદાચ પહેરાવી દે તો ?)

રાજકુમાર સામ્બ એકવાર વનવિહાર માટે અને શિકાર માટે વનમાં હતા, ત્યાં વનવાસીઓ પાસેથી સમાચાર મળ્યા કે હસ્તિનાપૂરની રાજકુમારી લક્ષ્મણાનો સ્વયંવર છે; પોતાને આમંત્રણ નથી, એને નિર્ણય કરી નાખ્યો. 'જે પ્રદ્યુમ્ન એ કર્યું, જે અનિચ્છા સાથે થયું, જે પોતાના પિતાએ કર્યુ - એ પોતે કરશે.'

'એ છે જાદવકુળની રીત,
તેથી મનમાં થઈ મુને પ્રીત.'

(મને એના માટે પ્રીત થયેલી છે અને આ તો જાવદ કુળ પ્રથા છે.)

એ સ્વયંવર મંડપમાં પહોંચી ગયો. પોતાને કોઈ આવકાર ન મળ્યો, લક્ષ્મણા વરમાળા લઈને પ્રવેશી, કે તરત જ એણે ઉઠાવી. મંડપની બહાર રથ રાખ્યો હતો; એમાં બેસીને નિકળી ગયો.

દુર્યોધનની સેના એની પાછળ પડી. સામ્બ આગળ વધતો હતો. કરણે નાગપાશનો પ્રયોગ કર્યો; એટલે એ બંધાઈ ગયો. દુર્યોધને બંનેને કેદ કરી દીધા.

દેવર્ષિ નારદે શ્રીકૃષ્ણને માહિતી આપી. શ્રીકૃષ્ણ અને બળદેવ હસ્તિનાપુર પહોંચી ગયા. પરંતુ દુર્યોધને તો રોકડું પરખાવી દીધું -

'તમે પિંડારાની જાત રે, નવ જાણો ક્ષત્રીની વાર રે;
તમને નવ દે કોઈ કન્યા રે,
તમે ઉપાન સમાન રે.'

(તમારી જાત પિંડારાની. તમને ક્ષત્રિયની કશી ખબર ન હોય. તમને કોઈ કન્યા ન આપે. તમે તો અમારા પગના જોડાં છો.)

બળદેવનો ક્રોધ થયો. 'આ દુર્યોધન તો પોતાનો ગદા યુદ્ધમાં શિષ્ય હતો.' એણે હવામાં હળ વીઝ્યું. હવે દુર્યોધને માફી માગી. લક્ષ્મણા અને સામ્બને સંમતિ આપી. ધામધૂમથી લગ્ન કરાવી આપ્યા.

# ભારતમાં સૌપ્રથમ રાષ્ટ્રીય કટોકટી કયારે લાદવામાં આવી હતી?



**ખજાનો**
અનિલ પટેલ

### ભારતનું બંધારણ

૧ ભારતના બંધારણીય વડા કોણ છે ?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) ગવર્નર જનરલ (ડ) લશ્કરી દળના વડા

૨ ભારતના બંધારણમાં ફેરફાર કરવાનો અધિકાર કોને છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાનને
(ક) મુખ્ય ન્યાયાધીશને (ડ) સંસદને

૩ સંકટ નિધીમાંથી નાણાં ઉપાડવા કોની મંજૂરી આવશ્યક છે ?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) સંસદ (ડ) રિઝર્વ બેંકના ગવર્નર

૪ કટોકટીની જાહેરાત કોણ કરી શકે ?
(અ) લશ્કરી વડા (બ) રાષ્ટ્રપતિ
(ક) વડાપ્રધાન (ડ) સંસદ

૫ ભારતમાં સૌપ્રથમ રાષ્ટ્રીય કટોકટી કયારે લાદવામાં આવી હતી?
(અ) ઈ.સ. ૧૯૬૨ (બ) ઈ.સ. ૧૯૬૫
(ક) ઈ.સ. ૧૯૭૩ (ડ) ઈ.સ. ૧૯૭૫

૬ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન અને સભ્યોની નિમણૂક કોણ કરે છે ?
(અ) આયોજન પંચના અધ્યક્ષ (બ) વડાપ્રધાન
(ક) નાણામંત્રી (ડ) રાષ્ટ્રપતિ

૭ ભારતના સૌ પ્રથમ ચૂંટણી કમિશનર કોણ હતા ?
(અ) શ્રીકુમાર સેન (બ) ગણેશ વાસુદેવ માવળંકર
(ક) વિજય કેલકર (ડ) ટી.એન. શેષાન

૮ મૂળ અધિકાર અને બંધારણની સર્વોચ્ચતાનો ખ્યાલ કયા દેશના બંધારણમાંથી લેવામાં આવ્યો ?
(અ) બ્રિટન (બ) ફ્રાન્સ
(ક) અમેરિકા (ડ) જર્મની

૯ કયા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સતત બે વાર રાષ્ટ્રપતિ પદે ચુંટાયા હતા ?
(અ) ડૉ. ઝાકિર હુસૈન (બ) નીલમ સંજીવ રેડ્ડી
(ક) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (ડ) ડૉ. એસ. રાધાકૃષ્ણન

૧૦ કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રસાશકોની નિમણૂક કોણ કરે છે ?
(અ) વડાપ્રધાન (બ) રાષ્ટ્રપતિ
(ક) ગર્વનર જનરલ (ડ) સંસદ

૧૧ સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણમંત્રી કોણ હતા ?
(અ) ચૌધરી ચરણસિંહ (બ) મૌલાના અબ્દુલ કલામ આઝાદ
(ક) ડૉ. બી. આર આંબેડકર (ડ) ડૉ. એસ. રાધાકૃષ્ણન્

૧૨ સૌપ્રથમ કયા રાષ્ટ્રપતિની ચૂંટણીને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવી હતી ?
(અ) નિલમ સંજીવ રેડ્ડી (બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(ક) ડૉ. એસ. રાધાકૃષ્ણન (ડ) ડૉ. ઝાકીર હુસૈન

૧૩ કયા રાષ્ટ્રપતિ એકવાર ચૂંટણી હારી ગયા પછી ફરીથી બિન હરીફ ચૂંટાયા હતા ?
(અ) નીલમ સંજીવ રેડ્ડી (બ) જ્ઞાની જૈલસિંઘ
(ક) ડૉ. ઝાકીર હુસૈન (ડ) ડૉ. વી. વી ગિરી

૧૪ કયા રાજયને રાજયસભાની સૌથી વધુ બેઠકો ફાળવેલ છે ?
(અ) બિહાર (બ) બંગાળ
(ક) ઉત્તરપ્રદેશ (ડ) કર્ણાટક

૧૫ કયા રાજયની ગ્રામસભો 'પાલીસભા' તરીકે ઓળખાય છે?
(અ) આંધ્રપ્રદેશ (બ) ઉડીશા
(ક) કેરાલા (ડ) તમિલનાડુ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૩ માર્ચ :**
  - ભારતને પોતાની કર્મભૂમિ બનાવી દેનાર સેવાભાવી અંગ્રેજી મહિલા શ્રીમતી એની બેસન્ટનું નિધન (૧૯૩૩)
  - જલીયાંવાલા બાગમાં નિર્દોષ લોકોની નિર્મમ હત્યા કરનાર જનરલ ડાયરને ઉધમસિંહે ગોળી મારી હતી (૧૯૪૦)
  - મધર ટેરેસાના ઉત્તરાધિકારી તરીકે સિસ્ટર નિર્મલાની પસંદગી કરાઈ (૧૯૯૭)
  - સમર્થ સુધારક રમણભાઈ મ. નીલકંઠની જન્મજયંતિ (૧૮૬૮)
- **૧૪ માર્ચ :**
  - મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો જન્મદિવસ (૧૮૭૯)
  - જુગતરામ દવેની પુણ્યતિથિ (૧૯૮૫)
  - આંતરરાષ્ટ્રીય પાઈ ડે
  - ફિલ્મ કલાકાર આમીર ખાનનો જન્મદિવસ (૧૯૬૫)
- **૧૫મી માર્ચ : વિશ્વ ગ્રાહક અધિકાર દિન**
  - પ્રખર ગાંધીવાદી નારાયણભાઈ દેસાઈનું નિધન (૨૦૧૫)
  - વિશ્વ વિખ્યાત કાર કંપની રોલ્યરોયની સ્થાપના (૧૯૦૬)
  - શિકાગો ખાતે પ્રથમ બ્લડ બેન્કની શરુઆત થઈ (૧૯૩૭)
  - ભારતીય નૌકાદળમાં પ્રથમવાર હેલિકોપ્ટરનો ઉપયોગ શરુ થયો (૧૯૬૯)
- **૧૬ માર્ચ : રસીકરણ દિન**
  - ગુજરાતના આદ્ય પુરાતન વિશારદ અને સિક્કા શાસ્ત્રી તરીકે ખ્યાલિ પામેલા ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજી ભટ્ટનું નિધન (૧૮૮૮)
  - ગુજરાતના મહાનકવિ ન્હાનાલાલની જન્મજયંતિ (૧૮૭૭)
  - યશવંત દોશીની જન્મજયંતિ (૧૯૨૦)
  - કોલેરા અને પ્લેગની રસીના શોધક ડૉ હોફકિન્સનો જન્મદિવસ (૧૮૬૦)
- **૧૭ માર્ચ :**
  - બાલી દ્વીપ પર જવાળામુખી ફાટતાં ૧૯૦૦ ના મોત (૧૯૬૩)
  - ભારતીય મૂળની નાશાની અવકાશયાત્રી કલ્પના ચાવલાનો જન્મદિવસ (૧૯૬૨)
  - ભારતીય સર્વશ્રેષ્ઠ મહિલા બેડમિન્ટન ખેલાડી સાઈના નહેવાલનો જન્મદિવસ (૧૯૯૦)
  - કડી સર્વ વિદ્યાલયના લોકપ્રિય શિક્ષક નાથાલાલ ના. દેસાઈનો જન્મદિવસ (૧૯૦૯)
- **૧૮ માર્ચ :**
  - ફિલ્મ અભિનેતા શશીકપૂરનો જન્મદિવસ (૧૯૩૮)
  - ગુજરાતી મૂળની દમદાર ચરિત્ર અભિનેતી રત્ના પાઠકનો જન્મદિવસ (૧૯૬૩)
  - ઈન્ડિયન પોપ અને પ્લેબેક સિંગીંગમાં કાઠુ કાઢનાર ગર્લ આલિશા ચિનોયનો જન્મદિવસ (૧૯૬૫)
  - ડિઝલ એન્જિનના શોધક રુડોલ્ફ ડીઝલનો જન્મદિવસ (૧૮૫૮)
- **૧૯ માર્ચ : વિશ્વ વિકલાંગ દિવસ**
  - આચાર્યા કૃપલાણી તરીકે જાણીતા જીવનરામ કૃપલાણીનું નિધન (૧૯૮૨)
  - ૨૦૦૪માં મિસ ઈન્ડિયા ટાઈટલ જીતનાર બંગાળી બ્યુટી તનુશ્રીનો જન્મદિવસ (૧૯૮૪)
  - ઓસ્ટ્રેલિયાની ઓળખ વર્લ્ડ ફેમસ સિડની હાર્બર બ્રિજ ખુલ્લો મુકાયો (૧૯૩૨)
  - સમાજ સેવી, નાટ્યલેખક કવિ ડાહ્યાભાઈ ઝવેરીનો જન્મદિવસ(૧૮૬૭)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**ઈસરોના ચંદ્રાયાન-૨ પ્રોજેક્ટમાં કઈ બે મહિલા વૈજ્ઞાનિકોનો મહત્ત્વનો ફાળો હતો? જવાબ : ૧. વનિથા મુથૈયા ૨. રીતુ કરિધાલ**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) શિવાંગ બી પટેલ : સરગાસણ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જૂ. સાયન્સ કોલેજ (૭) ઉર્મિલાબેન જે પાઠક : સે-૬બી

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**તાજેતરમાં કોંગ્રેસમાંથી રાજીનામુ મુકી ભાજપમાં જોડાનાર જયોતિરાદિત્ય સિંધિયાના પિતાનું નામ શું હતું?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# તરુણોને સમજીને વ્યવહાર કરીએ



**રંગ-ઉમંગ**
કાનન ઓઝા

જરૂરિયાત એ કોઈ પણ પ્રાણીના વર્તન માટે અગત્યનું પરિબળ છે. જેથી તરુણો પણ જે વર્તન કરે છે તે તેમની જરૂરિયાતના અનુસંધાનમાં હોય છે. અહીં તરુણોની કેટલીય મુખ્ય જરૂરિયાતનું વર્ન કરવાનો પ્રયત્ન કરેલ છે, જેથી તરુણોના વાલીઓ અને શિક્ષકો તરુણોને સમજી શકે અને તે મુજબ તેમની સાથે વર્તન કરી શકે. સામાન્ય રીતે જરૂરિયાતોને આપણે મુખ્ય ત્રણ ભાગમાં વહેંચીશું, શારીરિક, માનસિક (મનોવૈજ્ઞાનિક) અને સામાજિક.

તરુણોની પ્રથમ જરૂરિયાત રુપે કહી શકાય કે, તેમને સ્વતંત્રતા જોઈએ છે. નાના હતા ત્યારે મા-બાપના સીધા માર્ગદર્શન મુજબ રહેતા હતા અને વર્તન કરતા હતા. પણ હવે તેઓ પોતાના નિર્ણયો જાતે લેવા માંગે છે, તેમને કોઈ રોકટોક કે પૂછ્યા સિવાયનું માર્ગદર્શન ગમતું નથી. તેઓ પોતાની અસ્મિતા જોડે સ્થાપવા માંગે છે. તેઓ કોઈના પર આધારિત બનીને રહેવામાં માનતા નથી. તેમને પોતાના નિર્ણયો જાતે લઈને જવાબદારી નિભાવવાની ગમે છે. જો તેમને પૂરતી સ્વતંત્રતા ન આપવામાં આવે તો તેઓ બળવો પોકારતા સહેજ પણ અચકાતા નથી.

તરુણો પોતો મનોમન એવું ઈચ્છતા હોય છે કે, તેમનું કુટુંબ, સગાં, મિત્રો કે અન્ય પરિચિત લોકો તેમને એક અલગ વ્યક્તિત્વ તરીકે જૂએ અને સ્વીકારે. કોઈ તરુણ અન્ય પરિચિત વ્યક્તિને મળે ત્યારે તે વ્યક્તિ જે તે તરુણને આવકાર આપે, પ્રેમથી બોલાવીને સ્વીકારે તેનું અંદરથી ઈચ્છતા હોય છે. જયાં તેમને આવી સ્વીકૃતિ નહીં મળે ત્યાં સુધી તરુણો જાતે જવાનું પસંદ કરતા નથી.

તરુણો પોતાની પસંદગીના ક્ષેત્રોમાં કશુંક નવું કરવાનું ઈચ્છતા હોય છે. આ માટે તેઓ માત્ર પ્રયત્ન જ કર છે તેવું નથી પણ સાહસ પણ કરતા હોય છે. તેમને નવું નવું જાણવાની અને કરવાની તીવ્ર ઈચ્છા હોય છે. તેમના મનમાં અનેકાનેક પ્રશ્ન ઉદ્દ્ભવે છે. જેનો જવાબ શોધવા માટે તેઓ મથામણ કરતા હોય છે. આ માટે વાંચન કરવું, મિત્રો કે વડિલો સાથે ચર્ચા કરવી, ઈન્ટરનેટ પર સમય પસાર કરવો જેવા ઘણાં પ્રયત્નો કરતા હોય છે. તરુણોની બીજી અન્ય જરૂરિયાત છે કે, તેઓ જવાબદારી ઉપાડવામાં અને તેને પૂર્ણ કરવામાં માને છે. જવાબદારી અન્ય કોઈને સોંપેલી હોય કે જાતે જ ઉઠાવેલ હોય. આ જવાબદારી નિભાવવા માટે તેઓ બધાં જ પ્રકારના પ્રયત્નો જોખમ કરવા તૈયાર હોય છે. સાથે જવાબદારી પૂર્ણ થયા પછી અન્ય વ્યક્તિઓ તેમને પ્રોત્સાહિત કરે તેવું મનોમન ઈચ્છતા પણ હોય છે. આમ કરીને તેઓ પોતે પોતાના સમાજમાં પોતાની આગવી 'ઓળખ' ઊભી કરવા માંગે છે. તેમનામાં સમાજસેવાની ભાવનાનો ઉદય થાય છે. બીજા માટે ત્યાગ કરીને તેઓ આત્મસંતોષ લેતા હોય છે. તરુણો પોતાના પર કોઈના આધિપત્યનો સ્વીકાર કરવા તૈયાર નથી. તેમને કોઈની દખલગીરી કે દબાવ પસંદ નથી. તેઓ કોઈના દબાણ સામે ઝૂકવાનું પસંદ કરતા નથી. જો આવી સ્વાયત્તતા તેમને ન મળે તો કયારેક તેઓ નાના બાળક જેવું વર્તન પણ કરતા જોવા મળે છે.

આ અવસ્થા દરમિયાન તેમની પસંદગીમાં વિવિધતા જોવા મળે છે. તેમની રસરુચિ એક કરતાં વધારે ક્ષેત્રોમાં જોવા મળે છે. તેમના રસરુચિના ક્ષેત્રો પર તેઓ જે વાતાવરણમાં રહે છે અને જે વ્યક્તિના સંપર્કમાં વધુ સમય માટે રહે છે. તેની સીધી અસર જોવા મળે છે. તેમને રહસ્યની કથાઓ, હિંસાત્મક ચલચિત્ર, ફિલ્મ સંગીત, જાતિય સાહિત્ય વગેરે તેમના પસંદગીના ક્ષેત્રો છે. જેની નકારાત્મકત અસર પણ તેમના પર પડે છે. તેઓ માન્યતા કરતાં વિજ્ઞાનમાં વધુ વિશ્વાસ ધરાવ છે, માટે તો તેઓ કયારેક પોતાના સમાજના રુઢિચુસ્ત નિયમો - માન્યતાઓ સામે બંડ પોકારે છે અથવા તો તેને માનવાનો ઈન્કાર કરે છે. તેઓ તરંગી અને કલ્પનાશીલ હોય છે. માટે તેમના કેટલાક નિર્ણયો અનુભવી વડીલોને સ્વીકાર હોતા નથી અને તેવા નિર્ણયોને વડીલો હસી કાઢે છે. જે તરુણોને પસંદ નથી. તરુણોને આ ઉંમરમાં જાતીય શિક્ષણ મેળવવાની ઈચ્છા થાય છે. તેઓ તેમના મિત્રો સાથે એકાંતમાં જાતીય બાબતો અંગે ચર્ચા કે હસીમજાક કરતા હોય છે. આ ઉપરાંત જો તેમનામાં જાતીય બાબતો અંગેની કોઈ સમસ્યા હોય તો તેઓ તે માટે લઘુતા પણ અનુભવતા હોય છે. તેઓ વિજાતીય વ્યક્તિ સાથે મિત્રતાના સંબંધો બાંધવા માટે સતત પ્રયત્ન અને મથામણ કરતા હોય છે. જો આવી કોઈ મિત્રતા હોય તો તેને લાંબો સમય નિભાવવાનું પણ ઈચ્છતા હોય છે. પોતાના વિજાતીય મિત્ર સાથે સમય પસાર કરવાનું તેમને પસંદ હોય છે. જે માટે તેઓ પોતાના અન્ય મિત્રમંડળમાં ગૌરવ અનુભવતા હોય છે.

તેઓ શાળા-કૉલેજ કે સમાજ પાસે એવી અપેક્ષા રાખતા હોય છે કે તેમને શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગદર્શન મળે. આ માટે તેઓ તાલીમ અને અન્ય મહેનત કરવા પણ તૈયાર હોય છે. તેઓ વિશેષ દોડધામ કરીને પણ ઉપરોક્ત બાબતો અંગેનું મેળવવા તૈયાર હોય છે. આ માટે તો એક નહીં પણ અનેક વ્યક્તિ અને જગ્યાએ જવામાં થાકતા પણ નથી.

ટૂંકમાં તેમને સાચું માર્ગદર્શન મળે તે તેમની જરૂરિયાત છે. મિત્રો સાથે રહેવું અને ફરવું તેમને ગમે છે. તેઓ પોતાના સામાન્ય શોખ પૂર્ણ કરવા માટે વાલી સાથે આર્થિક સહયોગની અપેક્ષા રાખતા હોય છે. આમ છતાં વાલી પાસે પૈસા માંગવા માટે તેમને સંકોચ પણ થાય છે. કયારેક મિત્રના ઘેર રોકાવું તો કયારેક મિત્રને પોતાના ઘરે રોકાણ કરાવવું તેમને પસંદ છે. માત્ર પસંદ ન નહીં તે થકી તેઓ સામાજિક બનીને પોતાની આગવી દુનિયા ઊભી કરવા માંગતા હોય છે. જો આમ કરતા તેમના વાલી તેમને રોકે તો તે તેમને પસંદ આવતું નથી. પણ પોતાની જરૂરિયાત પૂર્ણ કરવા તેઓ જુઠ્ઠું બોલીને - ખોટાં બહાના બતાવીને ઘર બહાર રહેવાનું પસંદ કરે છે.

અનુસંધાન પાના નં ૭ પર